કાલુપુર બેંક

# ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

સ્થાપના : ૧૯૭૦ મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

**મુખ્ય કચેરી : "કાલુપુર બેંક ભવન", ઇન્કમટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪.**
**ફોન નં. : ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬**

---

## -: સભાસદ સહાયક યોજના :-

બેંકના આદ્યસ્થાપક અને ભૂતપૂર્વ ચેરમેન શ્રી બળદેવભાઇ ડોસાભાઇ પટેલનું તા.૧૨-૭-૯૭ ના રોજ નિધન થયું હતું. તેઓશ્રીના સ્મરણાર્થે બેંકે "સભાસદ સહાયક યોજના" નામની એક યોજના સભાસદના મૃત્યુ બાદ તેમના વારસદાર અગર નોમીનીને સહાયરૂપ થાય તે રીતે અમલમાં મુકેલ છે. આ યોજના હેઠળ સભાસદના મૃત્યુ બાદ વારસદાર અગર નોમીનીને આર્થિક સહાય આપવામાં આવે છે. યોજનાના નિયમો નીચે મુજબ છે :

૧. આ યોજના તા.૧૨-૭-૯૭ થી અમલમાં છે.

૨. કોઇપણ વ્યક્તિગત સભાસદના મૃત્યુ બાદ તેના નોમીની અગર વારસદારે મૃત્યુ બાદ વધુમાં વધુ ૩ માસ સુધીમાં પુરાવા સહિત લેખિત અરજી કરવાની રહેશે, જે મંજુર થયેથી રૂા.૧૦,૦૦૦/- આર્થિક સહાયરૂપે ચુકવવામાં આવશે. તા. ૩૧-૩-૯૮ પહેલાં જે સભાસદો મૃત્યુ પામ્યા હોય તેવા કિસ્સામાં અરજી તા.૩૦-૬-૯૮ સુધી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ અરજી સ્વીકારવામાં આવશે નહીં.

૩. આ યોજના ફક્ત વ્યક્તિગત સભાસદોના કિસ્સામાં જ લાગુ પડે છે અને અન્ય સભાસદો જેવા કે કંપની, ભાગીદારી પેઢી, વ્યક્તિગત પેઢી વિગેરેના નોમીની કલેઇમ કરી શકશે નહીં.

૪. જે સભાસદે બેંકમાં પોતાના નોમીની તરીકે જેનું નામ દાખલ કરાવેલ હશે અને બેંકના રેકોર્ડમાં જે નામ હશે, તે વ્યક્તિ આ કલેઇમ મેળવવા પ્રથમ હક્કદાર બનશે અને તે નોમીનીના નામે આ રકમ ચૂકવવામાં આવશે.

૫. આ કલેઇમ મેળવવા અંગે જે કિસ્સામાં બેંકના રેકોર્ડમાં કોઇ નોમીની હશે નહી તે કિસ્સામાં વારસાઇ હક્ક અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ વારસદારોને સંયુકત નામે અગર કોઇ એક અધિકૃત વારસદારને નામે જરૂરી દસ્તાવેજો રજુ કર્યા બાદ સહાયની રકમ ચુકવવામાં આવશે.

૬. આ યોજના હેઠળ સહાય મેળવવા માટે નિયત કરેલ પ્રોફોર્મામાં અગર તે મુજબ અરજી કર્યે જરૂરી નિર્ણય લેવામાં આવશે.

૭. તા.૦૧-૦૪-૨૦૨૦ પછી અવસાન પામેલ વ્યક્તિગત સભાસદોના વારસદાર/નોમીનીને આર્થિક સહાય રૂપે રૂા.૧૫,૦૦૦/- ચૂકવવામાં આવશે.

૮. આ યોજના અંતર્ગત નાણાં ચુકવવા અંગેનો આખરી નિર્ણય બેંકનો રહેશે અને તે સંબંધિત હક્કદારને બંધનકર્તા રહેશે.

૯. આ યોજનાના નિયમોમાં ફેરફાર કરવાનો બેંકને અબાધિત હક્ક રહેશે.

વિરાગ જી. શાહ
સી.ઇ.ઓ.

**પ્રતિ,**
**જનરલ મેનેજરશ્રી,**
**ધી કાલુપુર કોમર્શિયલ કો.ઓ. બેંક લિમિટેડ**
"કાલુપુર બેંક ભવન", ઈન્કમટેક્ષ સર્કલ,
આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪.

**તારીખ :** ______________

નોમીની / વારસદારનો ફોટો

મે. સાહેબ,

## વિષય :- સભાસદ સહાયક યોજના અંતર્ગત આર્થિક સહાય બાબત

સવિનય હું નીચે સહી કરનાર શ્રી ...............................................................................
રહેવાસી ..........................................................................................................
આથી જણાવું છું કે સ્વ. ...........................................................................................
રહેવાસી ..........................................................................................................
આપની બેંકના સભાસદ હતા. તેઓનો સભાસદ નં.................. હતો. મારો તેઓની સાથે ....................
સંબંધ હતો. તેઓનું તા................. ના રોજ અવસાન થયેલ છે. તેમના નોમીની / વારસદાર તરીકે હું આપની બેંકની ઉપરોક્ત યોજના અંતર્ગત આર્થિક સહાય માટે અરજી કરું છું અને જણાવું છું કે ભવિષ્યમાં તેમના વારસાઈ હક્કો અંગે કોઈ વ્યક્તિ તકરાર કે વાંધો ઉઠાવે તો તે માટે બેંકની કોઈ જવાબદારી રહેશે નહીં અને તે અંગેની સઘળી કાયદાકીય તથા નૈતિક જવાબદારી મારી રહેશે. તેની ખાત્રી અને બાંહેધરી આપું છું.

હું ઉપરોક્ત સભાસદનો કાયદેસરનો નોમીની / વારસદાર છું, બેંકની આ યોજનાનો અમોને ખ્યાલ ન હોવાથી ચોક્કસ સમય મર્યાદામાં હું અરજી કરી શકેલ નથી. તો મને આ યોજના અંતર્ગત સહાય આપવા નમ્ર વિનંતી છે.

મારો કાલુપુર બેંકનો ખાતા નં...............................અને મોબાઈલ નં............................ છે.

### આ સાથે હું નીચે મુજબના પુરાવા રજુ કરું છું :

૧) સભાસદના અવસાનની પ્રમાણિત નકલ (અસલ જરૂરથી સાથે લાવવી)
૨) બેંકનાં ધારણ કરેલ શેર સર્ટીફીકેટ્સ.
૩) બેંકે આપેલ સભાસદ ઓળખપત્ર
૪) નોમિની / વારસદારનો રહેઠાણના પુરાવાની નકલ (ગમે તે એક)
(ડ્રાઈવીંગ લાયસન્સ-પાસપોર્ટ-આધાર કાર્ડ-મતદાન ઓળખપત્ર-ટેલીફોનબીલ-ઈલેક્ટ્રીસીટી બીલની નકલ)
૫) નોમીની/વારસદારના ઓળખના પુરાવાની નકલ (ગમે તે એક)
(મતદાન ઓળખપત્ર-આધાર કાર્ડ-ડ્રાઈવીંગ લાયસન્સ-પાનકાર્ડ-કોઈપણ ફોટો ઓળખપત્ર માટે)
૬) વારસદારનો ફોટો - ૧ નંગ

આ યોજના અંગેના નિયમોથી હું માહિતગાર છું અને તે નિયમો પાળવા બંધાઉ છું.

સહકારની અપેક્ષા સાથે,

આપનો વિશ્વાસુ,

(નોમીની/વારસદારની સહી)